GJSR120017692026

# CRMA J No. 561/2026 ના કામે અરજદારની અરજી હેઠળ હુકમ

..........................................................................................................

1. અરજદારની અરજી વંચાણે લીધી. અરજદારના વિ.વ.શ્રી.ને સાંભળ્યા. અરજદારે પોતાની અરજીમા જણાવેલ છે કે, અરજદારની સાસુમા રાઠોડ ગંગાબેન ફકીરભાઈનું તા.૧૫/૦૨/૧૯૯૫ નાં રોજ મોજે.આંબોલી ગામ, તા.કામરેજ, જી.સુરત મુકામે અવસાન પામેલ છે. પરંતુ, જે તે સમય દરમ્યાન અરજદારનાં ઘરનાં વડીલોને કાયદાકીય સમજણ ન હોય પરિણામે શરતચુકથી અરજદારની સાસુમાની મરણની નોંધણી કરાવવાની રહી ગયેલ. હાલમા અરજદારને તેમની સાસુમાનાં મરણના દાખલાની સરકારી તથા અર્ધસરકારી કામે આવશ્યકતા ઉભી થતા શ્રી તલાટી કમ મંત્રીશ્રી, આંબોલી ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત નાઓ પાસેથી મરણનો દાખલો મેળવવા અર્થે હાલની અરજી કરેલી છે.

2. સદર કામમા આંક–૦૬ થી અરજદાર રાઠોડ સુમિત્રાબેન અરવિંદભાઈ નાઓનો સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓની સાસુમા રાઠોડ ગંગાબેન ફકીરભાઈનું તા.૧૫/૦૨/૧૯૯૫ નાં રોજ મોજે.આંબોલી ગામ, તા.કામરેજ, જી.સુરત મુકામે અવસાન પામેલ છે. પરંતુ, જે તે સમય દરમ્યાન તેઓનાં ઘરનાં વડીલોને કાયદાકીય સમજણ ન હોય પરિણામે શરતચુકથી તેઓની સાસુમાની મરણની નોંધણી કરાવવાની રહી ગયેલ. તેઓની સાસુમાનાં અવસાન સમયે તેઓ ઘટના સ્થળે હાજર રહેલ તેમજ તેઓની સાસુમાનું અવસાન મોજે.આંબોલી ગામ, તા.કામરેજ, જી.સુરત ખાતે થયેલ તે અંગેની તેઓને ચોક્કસ જાતમાહિતી છે. હાલમાં, તેઓને તેમની સાસુમાનાં મરણના

દાખલાની જરૂર પડતાં તેઓએ આંબોલી ગામ, ગ્રામપંચાયત ખાતે મરણનો દાખલો મેળવવા માટે અરજી કરી હતી. પરંતુ, સદર ઓફીસમાંથી તા.૧૦/૦૩/૨૦૨૬ નાં રોજ દાખલો લખી આપવામાં આવેલ કે, રાઠોડ ગંગાબેન ફકીરભાઈનું મરણ તા.૧૫/૦૨/૧૯૯૫ નાં રોજ થયેલ પરંતુ, તેમનાં જન્મ-મરણ રજીસ્ટરે તેઓની સાસુમાનું નામ નોંધાયેલ નથી. તેઓએ આંક-૧૦ થી તેઓનાં પતિનો મરણનો દાખલો રજુ કરેલ છે. તેમજ આંક-૧૧ તેઓનાં સસરાનો મરણનો દાખલો રજુ કરેલ છે. સદર બન્ને મરણનાં દાખલા આંબોલી ગ્રામપંચાયત દ્વારા જ આપવામાં આવેલ છે. તથા તેઓએ આંક-૧૩ થી આંબોલી ગ્રામપંચાયત દ્વારા તેઓની સાસુમા રાઠોડ ગંગાબેન ફકીરભાઈ નાઓની મરણનાં દાખલાની નોંધણી કરવામાં આવેલ નથી તે અંગે અપ્રાપ્ય પ્રમાણપત્રની અસલ નકલ રજુ કરેલ છે. જેથી અરજદારે તેમની સાસુમાનો મરણનો દાખલો મેળવવા અર્થે હાલની અરજી કરેલી છે.

3. સદર કામમા આંક-૧૬ થી સાહેદ રાઠોડ શકુબેન કાંતિભાઈનો પુરાવો રજુ થયેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદાર તેઓના નજીકનાં સગા-સંબંધી થાય છે. અરજદારની સાસુમા રાઠોડ ગંગાબેન ફકીરભાઈનું મરણ તા.૧૫/૦૨/૧૯૯૫ નાં મોજે. આંબોલી ગામ, તા.કામરેજ, જી.સુરત મુકામે થયેલ. અવસાન સમયે તેઓ ઘટના સ્થળે હાજર રહેલ. વધુમાં, અરજદારની સાસુમા જે તારીખે મરણ ગયેલ તે દિવસની તારીખ તેમજ મરણ સ્થળ પણ તેઓને ચોક્કસ યાદ છે. જેથી અરજદારની અરજી મંજુર કરવામાં આવે તો કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાને નુકસાન થાય તેમ નથી. અરજીમા લખેલ તમામ હકીકત સાચી અને ખરી છે જેથી તેઓએ આજરોજ કોર્ટ રૂબરૂ જાહેર કરેલ છે.

4. સદર કામમા આંક-૧૭ થી સાહેદ રાઠોડ ગીતાબેન કિશોરભાઈનો પુરાવો રજુ થયેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદાર તેઓના નજીકનાં સગા-સંબંધી થાય છે. અરજદારની સાસુમા રાઠોડ ગંગાબેન ફકીરભાઈનું મરણ તા.૧૫/૦૨/૧૯૯૫ નાં મોજે. આંબોલી ગામ,

તા.કામરેજ, જી.સુરત મુકામે થયેલ. અવસાન સમયે તેઓ ઘટના સ્થળે હાજર રહેલ. વધુમાં, અરજદારની સાસુમા જે તારીખે મરણ ગયેલ તે દિવસની તારીખ તેમજ મરણ સ્થળ પણ તેઓને ચોક્કસ યાદ છે. જેથી અરજદારની અરજી મંજુર કરવામાં આવે તો કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાને નુકસાન થાય તેમ નથી. અરજીમા લખેલ તમામ હકીકત સાચી અને ખરી છે જેથી તેઓએ આજરોજ કોર્ટ રૂબરૂ જાહેર કરેલ છે.

5. સદર કામમા આંક-૧૮ થી સામાવાળા દિપકભાઇ મોહનભાઇનો પુરાવો નોંધાયેલ છે જેમા તેઓ જણાવે છે કે, તેઓ તલાટી કમ મંત્રી તરીકે આંબોલી પંચાયત કચેરીમા ફરજ બજાવે છે. તેઓને નામદાર કોર્ટની નોટીસ બજતા હાજર થયેલ છે. આ કામના અરજદારની સાસુમા રાઠોડ ગંગાબેન ફકીરભાઇ તા.૧૫/૦૨/૧૯૯૫ નાં રોજ મોજે.આંબોલી ગામ, તા.કામરેજ, જી.સુરત મુકામે અવસાન પામેલ છે. જેમનાં મરણની નોંધણી તેઓની પંચાયત કચેરીમાં કરવામાં આવેલ નથી. જે અંગેનું અપ્રાપ્ય પ્રમાણપત્ર તા.૧૦/૦૩/૨૦૨૬ નાં રોજ તેઓની કચેરીમાંથી આપવામાં આવેલ છે. જેમાં તેઓનો સહી તથા સિક્કો કરેલ છે. આજરોજ તેઓ સને ૧૯૯૫ નાં જન્મ મરણ રજીસ્ટરનાં ઉતારાની ખરી નકલ લાવેલ છે. જેને આંક-૨૦ થી રજુ કરેલ છે. ઉપરોક્ત જણાવેલ તમામ હકીકત સાચી અને ખરી હોવાનુ જણાવેલ છે.

6. આમ સદર કામે અરજદારની અરજી તેમજ અરજદાર દ્વારા રજુ કરવામાં આવેલ સોગંદ પરના પુરાવા વંચાણે લેતા અરજદારની સાસુમા રાઠોડ ગંગાબેન ફકીરભાઇનું તા.૧૫/૦૨/૧૯૯૫ નાં રોજ મોજે.આંબોલી ગામ, તા.કામરેજ, જી.સુરત મુકામે અવસાન પામેલ હોવાનું જણાય આવે છે. તેમજ સામાવાળા દિપકભાઇ મોહનભાઇનો આંક-૧૮ નો પુરાવો જોતા અરજદારની સાસુમા રાઠોડ ગંગાબેન ફકીરભાઇ તા.૧૫/૦૨/૧૯૯૫ નાં રોજ મોજે.આંબોલી ગામ, તા.કામરેજ, જી.સુરત મુકામે અવસાન પામેલ છે. જેમનાં મરણની નોંધણી આંબોલી પંચાયત કચેરીમાં કરવામાં આવેલ

નથી. જ્યારે અરજદાર તરફે રજુ કરવામા આવેલ અરજદારના પતિનો મરણનો દાખલો તેમજ અરજદારનાં સસરાનો મરણનો દાખલો બન્ને દાખલા આંબોલી ગ્રામપંચાયત તરફથી આપવામાં આવેલ છે. વધુમા અરજદાર તરફે સાહેદ રાઠોડ શકુબેન કાંતિભાઈનો આંક-૧૬ નો પુરાવો તથા સાહેદ રાઠોડ ગીતાબેન કિશોરભાઈ નો આંક-૧૭ નો પુરાવો જોતા પણ અરજદારની અરજી ની હકીકતને સમર્થન મળે છે. સદર બન્ને સાહેદો અરજદારની સાસુમાની મરણવિધિમાં હાજર હોય તેમજ તેઓને જે તારીખે અરજદારની સાસુમાનું મરણ થયેલ તે દિવસની તારીખ પણ તેઓને ચોક્કસ યાદ છે. આમ, અરજદાર તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ તમામ હકીકત ધ્યાનમા લઈ અરજદારની અરજી અંગે ન્યાયના હિતમા નીચે મુજબને હુકમ કરવામા આવે છે.

**::હુકમ::**

1. અરજદારની અરજી **મંજુર** કરવામા આવે છે.
2. આ કામના સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી, આંબોલી ગ્રામપંચાયત, તા.કામરેજ, જી.સુરત નાઓને આદેશ આપવામા આવે છે કે, અરજદાર રાઠોડ સુમિત્રાબેન અરવિંદભાઈ, રહેવાસી: મુ.વિવેક નગર કોલોની, કઠોર, તા.કામરેજ, જી.સુરત નાઓની માતા/સાસુમાનો મરણનો દાખલો કાઢી આપવો.

હુકમ આજરોજ તારીખ ૨૫ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**તારીખ:- ૨૫/૦૬/૨૦૨૬**
**સ્થળ: કઠોર.**

**(એસ.કે.ફટાણીયા)**
**જ્યુ.મેજી.ફર્સ્ટ ક્લાસ, કઠોર**
**જજ કોડ: GJ01769**